# ખંભાળિયાની જનરલ હોસ્પિટલ ખાતે ૧૧ ફેબ્રુ.એ મેગા હેલ્થ કેમ્પનું આયોજન

## એઈમ્સના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા કરાશે નિઃશુલ્ક સારવાર




દ્વારકા : છેવાડાના નાગરિકો સુધી આરોગ્યની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશય સાથે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા હેલ્થ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેના પરિણામલક્ષી આયોજન સંદર્ભે જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી.

જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા ખાતે રાજ્યસભા સાંસદ અને એઇમ્સ ડિરેક્ટર કેસરીદેવસિંહ ઝાલાએ મેગા હેલ્થ કેમ્પ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, કહેવત છે ને કે, "પહેલું સુખ તે જાતે નર્યા" જો સ્વાસ્થ્ય સારું હશે તો અન્ય કાર્યો થઈ શકશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ તથા રાજ્ય હરણફાળ પ્રગતિ ભરી રહ્યો છે ત્યારે છેવાડાના માનવી સુધી પાયાની આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર સતત કાર્યશીલ છે. જેના પરિણામ સ્વરૂપ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા હેલ્થ કેમ્પ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એઇમ્સ રાજકોટના વિવિધ અંદાજિત ૧૫ જેટલા વિભાગના તજજ્ઞો દ્વારા આરોગ્યલક્ષી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત, સારવારની સાથે આવશ્યક દવાઓ પણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૮.૩૦ કલાકથી જનરલ હોસ્પિટલ, ખંભાળિયા ખાતે યોજાનાર કેમ્પમાં જિલ્લામાંથી બહોળી સંખ્યામાં નાગરિકો જોડાઈને સદર હેલ્થ કેમ્પનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

આગામી સમયમાં આયોજિત મેગા હેલ્થ કેમ્પના સુચારૂ આયોજનના ભાગરૂપે યોજાયેલ બેઠકમાં સાંસદ પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય મુળુભાઇ બેરા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, અગ્રણી મયુરભાઈ ગઢવી સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના સદસ્યો, પદાધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો, રેડક્રોસ અને લાયન્સ ક્લબના પ્રમુખો સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બીજીવાયએમ નાઈટ સ્કૂલ, જામનગર દ્વારા

# ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ

જામનગર: બીજીવાયએમ નાઈટ સ્કૂલ, જામનગર દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અંગે માર્ગદર્શન અને પ્રેરણા મળે તે હેતુસર ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શૈક્ષણિક પ્રવાસ ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. પ્રવાસની તારીખ રવિવાર, તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે પ્રસ્થાન શનિવાર, તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦ કલાકે દિપક શોપિંગ સેંટર, જામનગર પરથી થશે. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કેમ્પસ, વિવિધ અભ્યાસક્રમો, કારકિર્દી વિકલ્પો તથા ઉચ્ચ શિક્ષણની તકો અંગે માહિતી આપવામાં આવશે. આ પ્રવાસ દરમિયાન ચા, નાસ્તો તથા બપોરના ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા સંસ્થા દ્વારા નિશુલ્ક કરવામાં આવશે. ઉપરાંત, વિદ્યાર્થી સાથે એક વાલીગણ પણ જોડાઈ શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. આ શૈક્ષણિક પ્રવાસ માટે રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ રાખવામાં આવી છે. બેઠકો મર્યાદિત હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પસંદગી કરવામાં આવશે. ઈચ્છુક વિદ્યાર્થીઓ Google From link - https://froms.gle/zpmV2kpAUCvUoxUT9 મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે.

બીજીવાયએમ નાઈટ સ્કૂલ, જામનગરના પ્રમુખ પ્રીતેશ પી. મહેતા તથા માનદમંત્રી મિતેશ એસ. દાઉદિયાએ વિદ્યાર્થીઓ તથા વાલીગણને આ શૈક્ષણિક પ્રવાસનો લાભ લેવા અપીલ કરી છે અને સંસ્થાના નિયમો તથા શિસ્તનું પાલન કરવાનું અનિવાર્ય હોવાનું જણાવ્યું છે. વધુ માહિતી માટે સંપર્ક કરો મો.નં. ૯૦૯૯૦૪૭૭૩૩/૯૭૨૩૬૩૫૮૮૦/૭૦૪૧૪૩૧૭૫૭

# ગુજરાત ભાજપની પ્રદેશ કારોબારીમાં જામનગર જિલ્લામાંથી ચારને સ્થાન



જામનગર : ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા પ્રદેશ કારોબારીમાં વિશેષ આમંત્રિત સદસ્યો તેમજ પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં જામનગર જિલ્લામાંથી ચારને સ્થાન મળ્યું છે.

પ્રદેશ કારોબારીમાં વિશેષ આમંત્રીત સદસ્ય તરીકે પૂર્વ કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ તેમજ ચીમનભાઈ સાપરીયા ની નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રદેશ કારોબારી માટે જામનગર મહાનગરમાંથી પૂર્વ શહેર પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા ની નિયુક્તિ કરાઇ છે, જયારે જામનગર ગ્રામ્ય વિસ્તારમાંથી જાડા ના પૂર્વ ચેરમેન દિલીપસિંહ ચુડાસમા ની પસંદગી કરવામાં આવી છે. જેઓને જામનગર શહેર જિલ્લાના તમામ ભાજપના સ્થાનિક અગ્રણીઓ- કાર્યકરોએ આવકાર આપ્યો છે.

# પૂર્વ કૃષિમંત્રી અને બિલ્ડરને બદનામ કરનાર બંને આરોપીઓના રિમાન્ડ પુરા થતાં જેલ હવાલે

જામનગર : જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ તેમજ જામનગરના અગ્રણી બિલ્ડર પિતા પુત્ર ને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરા અને તેના એક સાગરીતને જામનગર સાયબર પોલીસે ઝડપી લીધા બાદ રિમાન્ડ પર લીધા હતા, જે બન્નેની રિમાન્ડની મુદત પૂરી થતાં બંનેને જેલ ભેગા કરી દેવાયા છે.

જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ની આ.ઈડી. ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી.

આ ઉપરાંત જામનગરના અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં સૌ પ્રથમ હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જે બંનેને રિમાન્ડ પર લીધા બાદ હાલ બંનેને જેલ હવાલે કરી દેવાયા હતા, જ્યારે આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે અગાઉ પકડાયેલા આરોપી પોતાના પિતા હેમતલાલ કણસાગરાને જામીન પર છોડાવવા માટે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન જામનગર સાઈબર પોલીસ સ્ટેશનની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો હતો, જેને અદાલત સમક્ષ રજુ કરી આઠ દિવસના રિમાન્ડ પર લીધો હતો.

પોલીસ દ્વારા તેના બે મોબાઈલ ફોન વગેરે કબજે કરવામાં આવ્યા હતા, અને ઘનિષ્ઠ પૂછપરછ દરમિયાન તેને જામનગર પંથકની તમામ માહિતી ધ્રોલમાં રહેતો રાજેન્દ્રસિંહ સોલંકી નામના સાગરીત પુરી પાડતો હોવાનું કબૂલ્યું હોવાથી જામનગર સાઈબર ક્રાઈમ પોલીસ ની ટીમે ધ્રોળના વતની રાજેન્દ્રસિંહ સોલંકી ની ધરપકડ કરી હતી, અને અદાલત સમક્ષ રજૂ કરી તેને પણ બે દિવસના રિમાન્ડ પર લીધો હતો.

જે બંનેની રિમાન્ડની મુદત પૂરી થતાં ફરીથી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, અને મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા અને તેના સાગરીત બંનેને જેલ હવાલે કરી દેવાયા છે. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં કુલ ચાર આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે, અને તમામ જેલહવાલે થયા છે. તેઓના પાંચ મોબાઈલ ફોન કબજે કરી લેવાયા છે. જે તમામની કોલ ડીટેઈલ મેળવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

# વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન આરાધનાધામ, બરડિયા અને શિવરાજપુર ખાતેથી પસાર થશે

દ્વારકા : દરિયાકાંઠાની સુરક્ષા જાગૃતિ, રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક ભાગીદારીને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથેની એક સીમાચિહ્નરૂપ રાષ્ટ્રીય પહેલરૂપે સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (ઝ્રૈંજીહ્લ) 'વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬'ની બીજી આવૃત્તિ યોજાશે. સાયક્લોથોનનું આયોજન "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ સાથે કરવામાં આવી રહ્યું છે.

દેશના પશ્ચિમ કિનારાનીઆ સાયક્લોથોન કચ્છથી તા.૨૮ જાન્યુઆરીના રોજ પ્રસ્થાન થશે જે તા.૩૧ જાન્યુઆરીએ આરાધના ધામ, ૧ ફેબ્રુઆરીએ બરડિયા અને ૨ ફેબ્રુઆરીએ શિવરાજપુર ખાતેથી પસાર થશે, રોકાણના આ સ્થળોએ યાત્રાનું સ્થાનિકો દ્વારા સ્વાગત તેમજ જાગૃતિ અને પ્રચાર પ્રસાર માટેના વિવિધ કાર્યક્રમો યોજાશે.. આ યાત્રા દીવ, ભાવનગર, આણંદ, સુરત, ભરુચ, દમણથી પસાર થશે.

ઉલ્લેખનીય છે કે, ભારતનો વિશાળ દરિયાકિનારો ૨૫૦ થી વધુ બંદરો ધરાવે છે.આ બંદરો, દરિયાકાંઠે આવેલી રિફાઇનરીઓ, શિપયાર્ડ્સ અને પરમાણુ ઊર્જા પ્લાન્ટ્સ સાથે, ભારતના આર્થિક વિકાસ અને ઊર્જા સુરક્ષા માટે અગત્યના છે. જોકે, તેઓ ડ્રગ્સ, શસ્ત્રો, વિસ્ફોટકોની દાણચોરી, ઘૂસણખોરી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ જેવા સતત જોખમોનો પણ સામનો કરે છે. CISF અનેક મુખ્ય બંદરો અને દરિયાકાંઠાના અન્ય જટિલ માળખાકીય સુવિધાઓની સુરક્ષા સંભાળે છે.

દરિયાકાંઠાના સમુદાયોને ડ્રગ્સ, હથિયારો અને વિસ્ફોટકોની દાણચોરી જેવા જોખમો વિશે સંવેદનશીલ બનાવવા અને તકેદારી રાખવા પ્રોત્સાહિત કરવા, મજબૂત દરિયાકાંઠાના સુરક્ષા નેટવર્ક માટે દરિયાકાંઠાના સમુદાયો અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે ભાગીદારી મજબૂત કરવી, સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહીદો અને સુરક્ષા જવાનો અને તેમના પરિવારોના બલિદાનને સન્માનિત કરીને વંદે માતરમની ભાવના કેળવવી, ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસા, પરંપરાઓ, ઈતિહાસ અને ભૂગોળની ઉજવણી કરવી, દરિયાકાંઠાના સમુદાયો, ખાસ કરીને માછીમારો દ્વારા આપવામાં આવેલ અમૂલ્ય યોગદાનને હાઈલાઈટ કરવું, ખાસ કરીને યુવાનો અને દરિયાકાંઠાના સમુદાયોમાં ફિટનેસ, શિસ્ત અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવું વગેરે ઉદ્દેશ્યો સાથે ઝ્રૈંજીહ્લ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬થી આ પ્રવૃત્તિઓ નાગરિકો, વિદ્યાર્થીઓ, દ્ગઝ્રઝ્ર કેડેટ્સ અને સ્થાનિક હિતધારકોને રાષ્ટ્રીય સેવા અને જાગૃતિ માટે એક સમાન પ્લેટફોર્મ પર લાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

# જામનગરના બાલા હનુમાન મંદિરમાં રામધૂન બોલાવતાં સીટી ડીવાયએસપી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરમાં વિશ્વ વિખ્યાત બાલા હનુમાન મંદિરમાં ૨૪ કલાક રામધૂન ચાલી રહી છે. ત્યારે આ રામધૂનમાં દરરોજ હજારો શ્રધ્ધાળુઓ દર્શન કરવા તેમજ રામનામ જાપમાં જોડાઈ છે. જામનગરના સીટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાએ બાલા હનુમાન મંદિરે ચાલતી અખંડ રામધૂનમાં જોડાઈને ઢોલક સાથે રામધૂન બોલી હતી.

# કાલાવડ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી બસની સુવિધાથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનો લાંબા વંચિત!

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં ૯૦ થી વધુ ગામડાઓ આવેલા છે અને જામનગરથી કાલાવડ તરફ જતા ગ્રામ્ય વિસ્તારમાં એસટીની સુવિધા નહિવત મળી રહી છે.

અગાઉ જામનગરથી કાલાવડ તરફના ગ્રામ્ય વિસ્તારોમાં જવા અનેક બસો ચાલતી હતી પરંતુ છાશવારે આ એસટીની બસો બંધ કરી દેવામાં આવી છે. ઘણા લાંબા સમયથી આ વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો અવરજવર માટે મુશ્કેલી અનુભવતા એસટી તંત્ર સમક્ષ બસ વધારવા અને હાઈવે પરના ગ્રામ્ય વિસ્તારોમાં સ્ટોપ આપવાની માગણી કરી છે પરંતુ એસટી ડિવિઝનના નિંભર તંત્રના સત્તાધીશો લોકોનું તો ઠીક પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓનું પણ ગાંઠતા ન હોય તે પ્રકારે આ વિસ્તારમાં બસોના સ્ટોપ નથી આપી રહ્યા અને નવી બસો પણ નથી મૂકી રહ્યા, ત્યારે તાજેતરમાં જ આણંદમાં ખુદ નાયબ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર ખાતું સંભાળતા હર્ષભાઈ સંઘવી પહોંચ્યા હતા અને ત્યાંની સમસ્યા જોઈ ચાર નવી એસટી બસો ફાળવવા તાત્કાલિક આદેશ કર્યો હતો. તેમ જામનગર પણ કાલાવડના હાઈવે પરના ગ્રામ્ય વિસ્તારોમાં હર્ષભાઈ આવે તો સ્થાનિકોની તકલીફો જાણી આ પ્રકારના આદેશ આપે તો વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને વાહન વ્યવહાર નિગમની સુવિધા સુપેરે મળી રહે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

જામનગર -કાલાવડ હાઈવે પર મોટા થાવરીયા, સપડા પાટીયા, મોટી માટલી, ખાનકોટડા, લલોઈ, બાંગા, ધૂતારપર, ધુળસીયા, હરીપર સહિતના ગ્રામ્ય વિસ્તારો માં લોકલ અને પાટિયા પાસે આવતી બસો ઊભી નથી રહેતી. જેને લઈને લોકોને ફરજિયાત ખાનગી વાહનોની ગરજ પડે છે. તેમાં ક્યાંક ને ક્યાંક એસટી તંત્રના ડિવિઝનલ કંટ્રોલર તેમજ બસોના ટ્રાફિક નિયમન કરતા અધિકારીઓ ખાનગી વાહન ચાલકોના હિતમાં બસો ન મુકતા હોય તે પ્રકારની સ્થિતિ સામે આવી રહી છે.

અવારનવાર સ્થાનિકો, વિદ્યાર્થીઓ અને તાલુકા મથક એવા કાલાવડમાં નોકરી ધંધો કરતા લોકોને એસ.ટીમાં સમયસર અપડાઉન કરે તે માટે બસો મૂકવાની રજૂઆત લોકો અને ધારાસભ્યો ઉપરાંત કેટલાક હાઈસ્કૂલ તેમજ સરપંચોએ પણ રજૂઆત કરી છે. આ રજૂઆતો ટૂંકી પડતી હોય તેમ હવે લોકો કોને રજૂઆત કરે? આવનારા સમયમાં કાલાવડ હાઈવે પર આવેલ મોટી માટલી ગામમાં ચાલતી હાઈસ્કુલ કે જ્યાં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દરરોજ અભ્યાસ અર્થે આવે છે તેને શાળા સમય દરમિયાન પણ આવવા જવામાં ખૂબ તકલીફો પડે છે. જેને લઈને વિદ્યાર્થી સંગઠનો પણ મેદાને આવી આંદોલન કરી શકે છે.

અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ જામનગરના એસ.ટી. તંત્રને કાલાવડ પંથકમાં એસટી બસની સુવિધા શરૂ કરવા કયો ગ્રહ નડે છે તે સમજાતું નથી.

**પશ્ચિમ રેલ્વે**
**રાજકોટ મંડળ**
**વાર્ષિક સમારકામ કરાર (ARC) વિવિધ ટેલિકોમ ઉપકરણો માટે**
ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક: DRM-RJT-25-26-SnT-E-16 DT-19-01-2026 ટેન્ડર ક્રમાંક: DRM-RJT-25-26-SnT-E-16 DT-19-01-2026 કામનું નામ: રાજકોટ વિભાગ વાર્ષિક સમારકામ કરાર (ARC) રાજકોટ વિભાગમાં ત્રણ વર્ષ માટે એક્સચેન્જ કાર્ડ્સ, STM કાર્ડ્સ, MUX કાર્ડ્સ, નેટવર્કિંગ સાધનો, SMPS અને SMR ચાર્જર, CCEO સાધનો અને અન્ય સાધનો જેવા વિવિધ ટેલિકોમ ઉપકરણો માટે. ટેન્ડર કિંમત: ૩૪,૯૮,૮૫૨.૦૬ (ચોત્રીસ લાખ અઠ્ઠાણુ હજાર આઠસો બાવન રૂપિયા અને છ પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ: ૭૦,૦૦૦.૦૦/- (સિત્તેર હજાર રૂપિયા માત્ર) ટેન્ડર ફોર્મ ફી: રૂ.૦૦.૦૦ (શૂન્ય) ફકરા-૩, GCC-જુલાઈ-૨૦૨૨ મુજબ. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ ૧૦-૦૨-૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાક સુધી. ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (S&T), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ૩૬૦૦૦૧. ખાસ વેબસાઈટ: www.ireps.gov.in
RJT 187
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## સર્વરોગ નિદાન મેગા કેમ્પનું આયોજન

જામનગર : સ્વ. વનીતાબેન વિશ્વનાથ ત્રિવેદી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નટુભાઈ ત્રિવેદી દ્વારા નીચે મુજબ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, કાન અને સર્વરોગ નિદાન અને સારવારના કેમ્પનું આયોજન કરેલ છે. કેમ્પ આવતીકાલ તા. ૨૨ ગુરૂવાર, મુખ્ય સ્વામીનારાયણ મંદિર, ખાદી ભંડાર સામે, જામનગર, સમય સવારે ૯ થી ૧૨ રહેશે. આ કેમ્પમાં આંખના મોતીયાના ઓપરેશનના દર્દીને તપાસ કેમ્પ પુરો થયે રાજકોટ હોસ્પીટલમાં લઈ જવામાં આવશે. જયાં મફતમાં આંખમાં નેત્રમણિ બેસાડી નવી દ્રષ્ટિ વિનામુલ્યે આપવમાં આવશે. અન્ય દર્દીને દવા, ટીપાં ચશ્મા વિગેરે આપવામાં આવશે, દંતયજ્ઞમાં દાંતના નિષ્ણાંત ડોકટર રશેશ ઓઝા અને ડો. નિરાલી દવે ઓઝા દ્વારા તપાસકરી સારવાર આપશે. ડો. હિરાબેન જોષી સર્વરોગ માટે દર્દીને તપાસ દવાઓ મફતમાં આપવામાં આવશે. નિલકમલ પ્રકાશ કાકલોતર કાન અંગેની તકલીફ અંગે સેવાઓ આપશે. આ કેમ્પના આયોજનમાં સહયોગ સાંસદ પુનમબેન માડમ સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરીયલ ટ્રસ્ટ જામનગરનો રહેલ છે. નટુભાઈ ત્રિવેદી (મો. ૯૯૯૮૦ ૯૫૨૧૦) દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

**પશ્ચિમ રેલ્વે - રાજકોટ મંડળ**
**SLR/VP લીઝિંગ ના કરાર માટે ઈ-હરાજી**
'SLR/VP લીઝિંગ' ના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

| કેટલોગ નંબર અને તારીખ | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નંબર | લોટ શરૂ થવાની તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|---|
| E-SLR-14-25-26, તારીખ: 19/01/2026 | SLR/VP નું લીઝિંગ | 1) 16734-SLR-R1, 2) 22937-SLR-F1, 3) 22937-SLR-R1, 4) 22960-SLR-R1, 5) 22905-22906-VP-1 | બધા લોટ માટે ઈ-ઓક્શન 03-02-26 ના રોજ 12:00 કલાકે શરૂ થશે. | 03 વર્ષ |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, વિભાગ: વાણિજ્યિક, રાજકોટ મંડળના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
RJT 188
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**જામજોધપુર નગરપાલિકા,જામજોધપુર**
**જામજોધપુર નગરપાલિકાને GFC 1 Star તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ પ્રતીભાવો/મુદ્દાઓ/સુચનો મંગાવવા બાબત**
જા.જો.ન.પા.જા.નં.- ૧૦૬૮/૨૦૨૫-૨૬ તા. ૧૯/૦૧/૨૦૨૬
જામજોધપુર નગરપાલિકા દ્વારા GFC 1 STAR જાહેર કરવા સારુ નગરપાલિકાના પ્રમુખશ્રી, વોર્ડ સર્કલ ઇન્ચાર્જ, તેમજ નાગરીક સમુહના પ્રતિનિધીઓના ઘોષણાપત્ર મેળવવાની કામગીરી ચાલતી હોય. તેમજ જામજોધપુર નગરપાલિકા વિસ્તારને GFC (Garbage Free City) જાહેર કરવા સારુ ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે જામજોધપુર નગરપાલિકા વિસ્તારને GFC 1 STAR જાહેર કરવા પ્રતિભાવ/મુદ્દાઓ/સુચનો દિન-૧૫ (પંદર) માં જામજોધપુર નગરપાલિકા કચેરીએ લેખિતમાં રજુઆત કરવા વિનંતી છે.
પ્રમુખ, જામજોધપુર નગરપાલિકા — ચીફ ઓફિસર, જામજોધપુર નગરપાલિકા
માહિતી-જામ.-વ.જા.ખ./૮૮૨/૨૦૨૬

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવીદા નં .૪૪ વર્ષ:- ૨૦૨૫-૨૬**
કાર્યપાલક ઈજનેરશ્રી ગુજ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ.નં.૧, "જલભવન" બ્લોક નં.એ-૧, શરૂસેકશન રોડ, દુધની ડેરીનીબાજુમાં, જામનગરની કચેરીએથી ફકત રજી.પોસ્ટ એ.ડી.થી સીલબંધ ટેન્ડરો ગુજરાત સરકારશ્રીમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારો પાસેથી ૧) સસોઈ ગ્રુપ યોજના મરામત અને નિભાવણી કાર્યક્રમ અંતર્ગત સસોઈ હેડ વર્ક્સથી બાલંભડી શેક્શન તરફ જતી ૩૫૫ મીમી વ્યાસની એમ.એસ.પાઈપલાઈનને બદલવાની કામગીરીના કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય તા. ૨૮/૦૧/૨૦૨૬ સુધીમા બપોરના ૧૨-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ટેન્ડર ફી સાથે પ્રમાણિત કરેલ રજીસ્ટ્રેશન તથા ઈન્કમટેકસ પાન નંબર સામેલ રાખી અરજી કરવાથી આપવામાં આવશે પોસ્ટ થી ટેન્ડર મંગાવનારે રૂ.૧૦૦/- વધારાના ટેન્ડર સાથે ભરવાના રહેશે. ભરેલ ટેન્ડરો રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ/હાથોહાથ તા.૦૫/૦૨/૨૦૨૬ ના ૧૮-૦૦ કલાક સુધીમા પરત કરવાના રહેશે. શકય હશે તો ટેન્ડર તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ હાજર રહેલ આસામીઓની હાજરીમાં બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં.૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.
માહિતી-જામ.-વ.જા.ખ./૮૭૬/૨૦૨૬

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)